# બાયોડાયવર્સિટી પાર્ક સામે કચરાનો ડુંગર

**150** કરોડના પાર્કની બાજુમાં ખુલ્લો કચરો અને મૃત પશુઓનો નિકાલ

**રોગચાળો** ફેલાવાની ભીતિ વચ્ચે મનપાની કામગીરી પર ઊઠ્યા પ્રશ્નો

સુરત : સ્વચ્છતામાં દેશભરમાં અગ્રેસર ગણાતા સુરત શહેરમાં 150 કરોડના ખર્ચે નિર્માણ પામેલા એશિયાના સૌથી મોટા બાયોડાયવર્સિટી પાર્કની સામે જ કચરાનો વિશાળ ઢગલો સર્જાતા મનપાની સફાઈ વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ભટાર-બમરોલી અને પાંડેસરાને જોડતી ખાડી નજીક, જ્યાં કોઈ અધિકૃત ડમ્પિંગ સાઈટ નથી, ત્યાં છેલ્લા કેટલાક સમયથી બેરોકટોક કચરો ઠાલવવામાં આવી રહ્યો છે. સ્થિતિ એવી બની છે કે કચરાની સાથે મૃત પશુઓનો પણ ખુલ્લામાં નિકાલ થતાં દુર્ગંધ અને રોગચાળો ફેલાવાની ભીતિ ઉભી થઈ છે.

ડ્રોન સર્વેમાં પાર્કની સામે ખાડી કિનારે કચરાનો વિશાળ ઢગલો સ્પષ્ટ જોવા મળ્યો હતો. આ રસ્તેથી દરરોજ હજારો લોકો અવરજવર કરે છે, જ્યારે નજીકમાં ઝૂંપડપટ્ટી પણ આવેલી હોવાથી સ્થાનિકો માટે સ્થિતિ વધુ ગંભીર બની છે. રોડની બાજુમાં જ કચરો ફેલાતા વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે. કચરામાંથી નીકળતું ગંદુ પાણી અને મચ્છરોના ઉપદ્રવથી આસપાસના વિસ્તારમાં આરોગ્યનું જોખમ પણ વધ્યું છે. એક તરફ મનપા સ્વચ્છતા સર્વેક્ષણમાં ફરી ટોચનું સ્થાન મેળવવાની તૈયારી કરી રહી છે, ત્યારે બીજી તરફ ખુલ્લામાં કચરો અને મૃત પશુઓના નિકાલથી ઘન કચરા વ્યવસ્થાપનના નિયમો અને પર્યાવરણીય ધોરણોના અમલ સામે પ્રશ્નો ઉભા થયા છે. સ્થાનિકોનું કહેવું છે કે દંડની કાર્યવાહી છતાં કચરાનો ઢગલો સતત વધી રહ્યો છે, જે તંત્રની કામગીરી પર સવાલ ઊભા કરે છે.



### આસપાસની ઇન્ડસ્ટ્રીવાળા કચરો ફેંકી જાય છે : આરોગ્ય અધિકારી

મનપાના ઉધના ઝોનના આરોગ્ય અધિકારી કિંજલ પટેલે જણાવ્યું હતું કે, આ સ્થળે મનપાની કોઈ અધિકૃત ડમ્પિંગ સાઇટ નથી. આસપાસના ઔદ્યોગિક વિસ્તારના કેટલાક લોકો અને અસામાજિક તત્વો છાનામાના અહીં કચરો નાખી જાય છે. અગાઉ અનેક વખત દંડાત્મક કાર્યવાહી અને ચેતવણીની નોટિસ આપવામાં આવી છે, તેમ છતાં ગેરકાયદે કચરો ઠાલવવાની પ્રવૃત્તિ સામે સતત કાર્યવાહી ચાલુ છે.

# ડિંડોલીમાં ગેંગવોરમાં ગુજસીટોકના આરોપીને જાહેરમાં રહેંસી નાંખ્યો

**હરીફ** ગેંગે લક્ષ્મણનગર પાસે ઘેરીને જાહેરમાં જ ચપ્પુના ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા

**ભૂષણ** પાટીલ સહિતની ટોળકીએ ક્રૂર હત્યાને અંજામ આપ્યો



મૃતક આંબા કોળી



હત્યાનું ઘટના સ્થળ

સુરત : ગઇ કાલે રાત્રે ડિંડોલીના માથાભારે અને ગુજસીટોક હેઠળ સંડોવાયેલા હિસ્ટ્રીશીટર પ્રવિણ ઉર્ફે આંબોની હરીફ ગેંગ દ્વારા અત્યંત ક્રૂરતાપૂર્વક હત્યા કરી દેવામાં આવી છે.

ડિંડોલીના જયેશનગરમાં રહેતો માથાભારે ગુનેગાર પ્રવિણ ઉર્ફે આંબો શિરસાઠ (કોળી) મોડીરાત્રે સાડા બારેકના આસપાસ ઘર નજીક આવેલી લક્ષ્મણનગર સોસાયટી પાસેથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે તેને સ્થાનિક ભૂષણ ઉર્ફે બબલુ પાટીલ સાથે તેની તીવ્ર બોલાચાલી થયા બાદ બંને છૂટા પડી ગયા હતા. પરંતુ થોડીવારમાં પ્રવિણ ફરીથી ત્યાં પહોંચતાં ભૂષણ પાટીલ તેના સાગરીતો ચંદન, ચીન્ટુ, સાજન, પ્રિતેશ ઉર્ફે ભૈયા રાવન પાટીલ તથા અન્ય એક અજાણ્યા ઇસમ સાથે મળીને તેને ચપ્પુના ઘા ઝીકી રહેંસી નાંખ્યો હતો.

### ત્રણ આરોપી ઝડપાયા

(૧) ભુષણ ઉર્ફે બબલુ બંસીલાલ પાટીલ (રહે. પ્લોટ નં.૨૦, લક્ષ્મણનગર, નવાગામ, ડિંડોલી), (૨) પ્રિતેશ ઉર્ફે ભૈયા રાવણ પાટીલ (રહે. ઘર નં.૨૦૫, આર.ડી.નગર, નવાગામ, ડિંડોલી) તથા (૩) વિધિપ્રકાશ ઉર્ફે ચંદન ઉદયરાજ મિશ્રા (રહે. લક્ષ્મણનગર, નવાગામ, ડિંડોલી)ને ઝડપી પાડ્યા છે. પોલીસે હાલ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મુખ્ય આરોપી ભૂષણ પાટીલ સામે પણ હત્યાના ગુનાઓ નોંધાયા છે

આંબાની હત્યા કરનાર મુખ્ય આરોપી ભૂષણ ઉર્ફે બબલુ પાટીલ પણ પોલીસ ચોપડે નોંધાયેલો રીઢો ગુનેગાર છે. ભૂષણ પાટીલનો ભૂતકાળ પણ અત્યંત હિંસક અને ગુનાહિત રહ્યો છે. પોલીસ ચોપડે દર્શાવેલી વિગતો મુજબ તેની સામે અગાઉ ૨ થી ૩ ગંભીર હત્યાના બનાવો, હત્યાની કોશિશ કરવાના કેસો તેમજ જાહેરમાં તીક્ષ્ણ હથિયારો વડે ગંભીર મારામારી કરવા જેવા અનેક ગુનાઓ નોંધાઇ ચૂક્યા છે. ભૂષણ અને તેની ટોળકી પણ વિસ્તારમાં પોતાનું ગુનાહિત વર્ચસ્વ ઊભું કરવા માટે અવારનવાર હિંસક તકરારો કરતી રહેતી હતી.

### મૃતક સામે હત્યાની કોશિશ સહિતના અનેક ગુના

ડિંડોલીમાં કરપીણ હત્યાનો ભોગ બનેલો પ્રવિણ ઉર્ફે 'આંબો' આઝાદ કોળી માથાભારે હિસ્ટ્રીશીટર ગુનેગાર હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રવિણ કોળી સામે અગાઉ પણ અનેક ગંભીર અને સંગઠિત ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. જેમાં સુરત પોલીસે તેની સામે ગુજસીટોક (GCTOC) હેઠળ કડક કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત તેની વિરુદ્ધ હત્યાની કોશિશ, ઘાતક હથિયારો રાખવા બદલ આર્મ્સ એક્ટ, માદક પદાર્થોની તસ્કરી માટે NDPS અને જાહેરમાં મારીમારી કરવા જેવા અનેક ગુના નોંધાઇ ચૂક્યા હતા. વિસ્તારમાં પોતાની દાદાગીરી અને વર્ચસ્વ જમાવવા માટે તે સતત ગુનાહિત પ્રવૃત્તિઓમાં સક્રિય રહેતો હતો.

### પ્રવીણ ઉર્ફે આંબો એક મહિના પહેલા જ પિસ્તોલ સાથે પકડાયો હતો

ડિંડોલી અને આજુબાજુના ઔદ્યોગિક વિસ્તારોમાં માથાભારે અને ભયનું વાતાવરણ ઊભું કરનાર હિસ્ટ્રીશીટર પ્રવિણ ઉર્ફે આંબો આધાર કોળી તાજેતરમાં જ જેલમાંથી બહાર આવ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન આશરે એકાદ મહિના પહેલાં જ તે ગેરકાયદે ઘાતક પિસ્તોલ સાથે ઝડપાઈ ગયો હતો. આ આર્મ્સ એક્ટના ગુનામાં તેની અટકાયત કરી જેલભેગો કરવામાં આવ્યો હતો. પરંતુ તાજેતરમાં જ થોડા દિવસો અગાઉ તેને કોર્ટમાંથી જામીન મળ્યા હતા.

### નાના ભાઈના લગ્નની પાર્ટીથી શરૂ થયેલી અદાવત લોહિયાળ બની

હત્યા પાછળ ભાઈના લગ્નની પાર્ટીનો ઝઘડો કારણભૂત બન્યો હતો. ગત રજમીએ પ્રવિણના નાના ભાઈ સાગરના લગ્ન નિમિત્તે દીપાલી પાર્ક પાસે પાર્ટી રાખવામાં આવી હતી. જ્યાં જમતી વખતે પ્રવિણ અને ભૂષણ વચ્ચે વિવાદ થયો હતો. મિત્રોએ ભૂષણને ઘેર મોકલી મામલો થાળે પાડ્યો હતો. પરંતુ બાદમાં પ્રવિણ ભૂષણના ઘરે પહોંચતા તેની માતાએ તેને ત્યાંથી જવાનું કહ્યું હતું. વિવાદ વધતાં ભૂષણ સાગરીતો સાથે પ્રવિણને શોધવા નીકળ્યો હતો.

# માથાભારે ચિરાગ ગોટીએ હજી જેલમાં જ રહેવું પડશે

**ગુનાહિત** ઈતિહાસ ધરાવતા આરોપી ચિરાગ ગોટીને જામીન મુક્ત કરાય નહીં: કોર્ટનું અવલોકન

સુરતઃ કોર્ટે ખંડણી વસૂલવાના ગંભીર ગુનામાં આરોપી ચિરાગ ઘનશ્યામ ગોટીની જામીન અરજી ફગાવી દીધી હતી. કોર્ટે નોંધ્યું કે આરોપી વિરુદ્ધ પ્રથમદર્શી કેસ બનતો હોવાનુ જણાય છે તેમજ તેના વિરુદ્ધ અગાઉના 10 ગુનાહિત ઈતિહાસ પણ નોંધાયેલા હોવાથી જામીન પર મુક્ત કરવું યોગ્ય નથી. કતારગામ પોલીસ સ્ટેશને આરોપી ચિરાગ ગોટી અને અન્ય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદી પાસેથી કામરેજ તાલુકાના જૌખા ગામ ખાતે આવેલી પ્લોટ નં. 66, 67, 68 અને 69 સંબંધિત દસ્તાવેજો બળજબરીથી મેળવી લીધા હોવાનો આક્ષેપ છે. ઉપરાંત આરોપીએ રિવોલ્વર અને કારતૂસ બતાવી ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ભયભીત કરીને રૂ.42,00,725ની ખંડણી અને રૂ. ૪,૮૧,૬૫૦ની કિંમતના સાત હીરા બળજબરીથી લઈ લીધા હોવાનો આરોપ છે. આરોપી ચિરાગ ગોટી 6 માર્ચ, 2026થી લાજપોર જેલમાં ન્યાયિક કસ્ટડીમાં છે. આ કેસમાં જામીન મુક્ત થવા માટે આરોપીએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. ચાર્જશીટ દાખલ થઈ જવાથી જામીન મળવા જોઈએ તેવી દલીલ બચાવ પક્ષે કરવામાં આવી છે. ફરિયાદ પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ અરજીનો વિરોધ કરતાં રજૂઆત કરી હતી કે આરોપી ગંભીર અને સમાજવિરોધી પ્રવૃત્તિમાં સંડોવાયેલો છે. આરોપી વિરુદ્ધ અગાઉના 10 ગુનાહિત કેસો નોંધાયેલા છે અને જામીન પર મુક્ત કરાય તો સાક્ષીઓને પ્રભાવિત કરવાની અથવા ફરી સમાન ગુનો કરવાની શક્યતા રહેલી છે.જામીન અરજીની સુનાવણી બાદ સેશન્સ કોર્ટે જામીન અરજી ફગાવી દીધી હતી.

# કવાસમાંથી ગેરકાયદે વિદેશી સિગારેટના જથ્થા સાથે એક પકડાયો

સુરતઃ ઈચ્છાપોર પોલીસે વિદેશી સિગારેટના ગેરકાયદે જથ્થા સાથે એક ઈસમને દબોચી લીધો છે. કવાસ ગામ ખાતે આવેલી બાપા સાઈ સીતારામ સોસાયટીમાં મકાન નં.162માં વિદેશી સિગારેટનો જથ્થો છુપાવવામાં આવ્યો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી રૂ.૭,૬૮૦ ની કિંમતનો ગેરકાયદે વિદેશી સિગારેટનો જથ્થો શોધી કાઢ્યો હતો. પોલીસે સ્થળ પરથી આરોપી રાહુલ ગંગાપ્રસાદ જયસ્વાલ (ઉં.વ.૩૯, ધંધો-મજૂરી) ને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. ઈચ્છાપોર પોલીસે આ મામલે ધ સિગારેટ્સ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ્સ એક્ટ-૨૦૦૩ (COTPA)ની કલમ મુજબ ગુનો દાખલ કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા નાણાવટમાંથી ઈસિગરેટનો જથ્થો ઝડપાયો હતો એટલે સિગરેટ માફિયા ફરી સક્રિય થઇ ગયા હોવાનું ફલિત થાય છે.

# રખડતાં કૂતરાં દૂર કરવા રેલવે નોડલ ઓફિસર નિમશે

**સુરત** રેલવે સ્ટેશન પરથી રખડતાં કૂતરાંને દૂર કરવા કડક આદેશ

સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર મુસાફરોની સુરક્ષા અને સુવિધાઓને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસને સ્ટેશન પરિસરમાં સતત વધી રહેલા રખડતાં કૂતરાંઓના ત્રાસમાંથી મુસાફરોને મુક્તિ અપાવવા માટે હવે તેમને સ્ટેશન વિસ્તારમાંથી સંપૂર્ણપણે દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

અત્યાર સુધીની નીતિ મુજબ રખડતાં કૂતરાંઓને પકડીને માત્ર તેમનું વેક્સિનેશન કર્યા બાદ ફરીથી તે જ જગ્યાએ છોડી દેવામાં આવતા હતા. જેના કારણે સ્ટેશન પર કૂતરાંઓની સંખ્યા અને તેમનો ઉપદ્રવ ઘટતો ન હતો અને મુસાફરો માટે કરડવાનો ભય રહેતો હતો. પરંતુ હવે નવી સૂચના મુજબ, આ કૂતરાંઓને માત્ર વેક્સિનેશન પૂરતા મર્યાદિત ન રાખીને સ્ટેશન પરિસરથી કાયમી ધોરણે દૂર ખસેડી દેવામાં આવશે.

આ સમગ્ર કામગીરીને સુચારૂરૂપે પાર પાડવા માટે રેલવે પ્રશાસન દ્વારા એક વિશેષ નોડલ ઓફિસરની નિયુક્તિ કરવાની સૂચના જાહેર કરવામાં આવી છે. આ નિયુક્ત નોડલ ઓફિસરે સુરત મહાનગરપાલિકાની ટીમ સાથે સીધું સંકલન સાધીને સ્ટેશન પરથી કૂતરાં દૂર કરવાની કામગીરી કરાવવાની રહેશે.

બીજી તરફ, રેલવે વિભાગ દ્વારા જારી કરાયેલા આ નવા આદેશને પગલે રેલવે સ્ટાફ અને કર્મચારીઓ વચ્ચે ભારે રમૂજ અને ચર્ચા જાગી છે. 'હવેથી રેલવેના અધિકારીઓ કૂતરાં પકડવાનું કામ કરશે' તેવી મજાક અને ટીખળ રેલવે સ્ટાફના વર્તુળોમાં રસપ્રદ ચર્ચાનો વિષય બની છે.

# 'તમારી જ ભલામણથી PI મુકાયા છે, તમે હવે કેવી રીતે ફરિયાદ કરી શકો?'

**પોલીસની** સંકલન બેઠકમાં ધારાસભ્યએ પોતાના વિસ્તારમાં ક્રાઇમ રેટ વધી ગયાની ફરિયાદ કરી હતી

**સંકલન** બેઠક બાદ ઉચ્ચ પોલીસ અધિકારીએ ધારાસભ્યને સીધો સવાલ કરતાં ધારાસભ્યની બોલતી બંધ થઈ ગઈ

સુરતઃ પોલીસ કમિશનર કચેરી ખાતે બુધવારના રોજ ઈન્ચાર્જ પોલીસ કમિશનર વાબાંગ જામીરની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ સંકલન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શાસક પક્ષ ભાજપના ધારાસભ્યો પણ હાજર રહ્યા હતા અને પોતપોતાના વિસ્તારના કાયદો-વ્યવસ્થાને લગતા વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી. જોકે, બેઠક દરમિયાન અને ત્યાર બાદ બનેલી એક ઘટનાએ સમગ્ર પોલીસ બેડા તેમજ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાડી છે.

સંકલન બેઠકમાં એક ધારાસભ્યએ ગંભીર મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે ઈન્ચાર્જ સીપી સમક્ષ વાત મૂકતા જણાવ્યું હતું કે, અમારા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ક્રાઈમ રેટ સતત વધી રહ્યો છે અને ગુનાખોરી પર લગામ કસવી અનિવાર્ય બની ગઈ છે. તેમણે આ બાબતે તાત્કાલિક અને યોગ્ય નિરાકરણ લાવવાની તીવ્ર માંગ કરી હતી.

જોકે, કહે છે કે, સંકલનની બેઠક પૂર્ણ થયા બાદ પોલીસ કમિશનર કચેરીના પરિસરમાં જ એક ઉચ્ચ પોલીસ અધિકારી અને આ ધારાસભ્ય વચ્ચે વાતચીત થઈ હતી. તે અધિકારીએ ધારાસભ્યને સીધો સવાલ કરતા જણાવ્યું હતું કે, 'આપના જ અતિ સંવેદનશીલ વિસ્તારમાં હાલમાં ફરજ બજાવતા પીઆઇ તો આપના જ ખાસ માણસ છે! તમારી જ ભલામણ અને રજૂઆતના આધારે તેમનું પોસ્ટિંગ તે પોલીસ સ્ટેશનમાં કરવામાં આવ્યું હતું. જો તમારા જ પસંદગીના અધિકારી ત્યાં તૈનાત હોય, તો પછી હવે તમે જ કઈ રીતે રજૂઆત કરી રહ્યા છો કે ઉધનામાં ક્રાઈમ રેટ વધી રહ્યો છે?'

પોલીસ અધિકારીના આ વળતા પ્રહારથી ધારાસભ્યની બોલતી બંધ થઈ ગઈ હતી અને તેઓ એક ક્ષણ માટે સ્તબ્ધ થઈ ગયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ખાખી અને ખાદી વચ્ચેની આ આંતરિક વાતચીત હવે ભારે ચર્ચાનો વિષય બની છે. અતિ સંવેદનશીલ ગણાતા ઉધના વિસ્તારમાં વ્યાપેલી ગુનાખોરી અને પોલીસ વિભાગના આંતરિક સમીકરણોને લઈને શાસક પક્ષમાં પણ અંદરખાને કસવાટ જોવા મળી રહ્યો છે.

**મચ્છરના લારવા મામલે સુરત મનપાનો સપાટો**

# 395 બાંધકામ સાઈટ પર ચેકિંગ, 26ને દંડ

**91 હજારથી** વધુ ઘરોના સરવેમાં 1,760 સ્થળે જીવંત બ્રીડિંગ મળ્યું

**172** ઘરમાલિકોને નોટિસ, વધુ કડક કાર્યવાહીનો ઈશારો

સુરતઃ ચોમાસાની ઋતુમાં ડેન્ગ્યુ, મલેરિયા સહિતના મચ્છરજન્ય રોગચાળાને રોકવા માટે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે શહેરભરમાં સઘન ઝુંબેશ હાથ ધરી છે.

વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ ઝોનમાં આવેલી 395 બાંધકામ સાઈટ પર સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન મચ્છરના લાર્વા મળી આવતા 40 આસામીને નોટિસ ફટકારવામાં આવી હતી, જ્યારે ગંભીર બેદરકારી બદલ 26 બિલ્ડર અને જવાબદારો પાસેથી કુલ રૂ.3,56,200નો વહીવટી દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

આરોગ્ય વિભાગે ચેકિંગ દરમિયાન કુલ 658 મચ્છર બ્રીડિંગ સ્પોટનો નાશ કર્યો હતો. ઉપરાંત 29 જુલાઈના રોજ શહેરમાં 91,007 ઘરોનો સરવે હાથ ધરાયો હતો. જેમાં કુલ 2,89,713 સંભવિત બ્રીડિંગ સ્પોટની તપાસ દરમિયાન 1,760 સ્થળે જીવંત લાર્વા મળી આવ્યાં હતાં. તમામ સ્થળે તાત્કાલિક લાર્વાનો નાશ કરવામાં આવ્યો હતો અને 172 ઘરમાલિકોને નોટિસ પાઠવી રૂ.3,900નો વહીવટી ખર્ચ વસૂલવામાં આવ્યો હતો.

મનપાએ નાગરિકો તેમજ બિલ્ડરોને ચેતવણી આપી છે કે ચોમાસા દરમિયાન ઘર, ધાબા, અગાશી અને બાંધકામ સાઈટ પર વરસાદી પાણી ભરાય તેવી સ્થિતિ ન સર્જાય તેની ખાસ કાળજી રાખવી. આગામી દિવસોમાં બેદરકારી સામે આવશે તો વધુ આકરા દંડ ઉપરાંત સીલિંગ જેવી કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.

### લાર્વા મળતાં દંડિત કરાયેલાં સ્થળો

| ઝોન | સ્થળ / બાંધકામનું નામ |
|---|---|
| સેન્ટ્રલ | કોહીનુર ટેક્સટાઇલ માર્કેટ, સલાબતપુરા |
| વેસ્ટ | રિયો કેસ્ટ |
| વેસ્ટ | વાસ્તુપૂજ્ય બાંધકામ |
| વેસ્ટ | ઓરેન્જ બંગલો |
| વેસ્ટ | ગુણાતીત પ્રોજેક્ટ |
| સાઉથ-એ | સ્વાસ્થય હોમ્સ |
| સાઉથ-એ | પાંડેસરા GIDC |
| સાઉથ-બી | રાજપૂત ફળિયું |
| સાઉથ-ઈસ્ટ | રણછોડનગર નગરપ્રાથમિક શાળા બાંધકામ |
| સાઉથ-વેસ્ટ | ફેલિક્સ બંગલો |
| સાઉથ-વેસ્ટ | અભિનંદન એપાર્ટમેન્ટ, વેસુ |
| નોર્થ | પ્રમુખ A, B, C બાંધકામ |
| ઈસ્ટ-એ | સ્વસ્થમ સ્ક્વેર, વનમાળી જંક્શન |
| ઈસ્ટ-એ | પુણા કમ્યુનિટી હોલ બાંધકામ |
| ઈસ્ટ-બી | નંદીની બિઝનેસ હબ |
| ઈસ્ટ-બી | નીલકંઠ હેવન |
| ઈસ્ટ-બી | મિથિલા હેવન |

# વરિયાવમાં ક્લિનિકની રૂમનો દરવાજો લોક થઈ જતાં 2 વર્ષનો બાળક ફસાયો

સુરતઃ શહેરના વરિયાવ ફાયર સ્ટેશન સામે આવેલા અર્થ પ્લાઝા કોમ્પ્લેક્સના ત્રીજા માળે આવેલા આસ્થમ ક્લિનિકમાં ગુરૂવારે બપોરે રમતા રમતા બે વર્ષનો બાળક ડોક્ટરના રૂમમાં લોક થઈ જતાં અંદર ફસાઈ ગયો હતો. જેને પગલે પરિવારજનો ગભરાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં વરિયાવ ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ બે વર્ષનો બાળક વિશાલ ગાબાણી તેની માતા સાથે વરિયાવ ફાયર સ્ટેશન સામે આવેલ અર્થ પ્લાઝામાં ત્રીજા માળે આસ્થમ ક્લિનિકમાં આવ્યો હતો. દરમિયાન રમતા રમતા તે ડોક્ટરના રૂમમાં પહોંચી ગયો હતો અને રૂમનો દરવાજો લોક થઈ જતાં અંદર ફસાઈ ગયો હતો. ક્લિનિકના એક સ્ટાફે તાત્કાલિક નજીકમાં આવેલા વરિયાવ ફાયર સ્ટેશન પર પહોંચી ઘટનાની જાણ કરી હતી. દરવાજો કાચનો હોવાથી તેને તોડવાથી બાળકને ઈજા થવાની શક્યતા હતી. જેથી ફાયરબ્રિગેડના જવાનોએ સાવધાનીપૂર્વક બાજુનું પાર્ટિશન ખોલી બાળકને કોઈપણ ઈજા વિના સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો. ત્યારબાદ પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો.

# હાઈકોર્ટની બેન્ચ માટે બાર વકીલોની કમિટી બનાવશે

**આજની** બાર કાઉન્સિલની બેઠકમાં નિર્ણય લેવાયો

**દક્ષિણ** ગુજરાતના બાર અને વેપારી સંગઠનોની બેઠક બોલાવવા માંગ

સુરતઃ સૌરાષ્ટ્રમાં હાઈકોર્ટની બેન્ચ માટે વકીલોએ હડતાળનું રણશિંગું ફૂંકતા સુરતનાં વકીલો સફાળા જાગી આજે તાબડતોબ બાર કાઉન્સિલની બેઠક બોલાવી સુરતમાં હાઈકોર્ટની બેન્ચ મળે એ માટે લડત ચલાવવા એક કમિટીની રચના કરી દીધી હતી. સુરતનાં વકીલોની લાંબા સમયથી હાઈકોર્ટ બેન્ચ માટે માંગણી ચાલી રહી છે.

તાજેતરમા મની લોન્ડરિંગ કેસોની સુનાવણી માટે સુરત સહિત પાંચ જિલ્લાનાં અધિકારક્ષેત્ર તરીકે સુરતના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજને સંબંધિત ન્યાયિક સત્તા સોંપવામાં આવી છે. તેમજ સૌરાષ્ટ્રમાં વકીલોએ હાઈકોર્ટ બેન્ચ માટે આંદોલન શરૂ કરી દીધું છે. જેને પગલે સુરત બાર પણ હવે હાઈકોર્ટની બેન્ચ માટે રણશિંગું ફૂંક્યું છે.

બારનાં સેક્રેટરી મુકુંદ રામાણીએ જણાવ્યું હતું કે આજે બારનાં પ્રમુખ ઉદય પટેલની આગેવાની હેઠળ કાઉન્સિલ સભ્યો અને બીસીજીના સુરતનાં સભ્યોની બેઠક મળી હતી. જેમાં સુરતને હાઈકોર્ટ બેન્ચ મળે એ માટે વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાને અંતે એક કમિટીનું ગઠન કરવામાં આવ્યું છે.

આ કમિટીમાં સિનિયર વકીલોનો સમાવેશ કરવામાં આવશે. જેઓ સુરતને હાઈકોર્ટની બેન્ચ મળે એ માટે કાર્યક્રમનું આયોજન કરશે. દરમિયાન આજે સિનિયર એડવોકેટ જતીન ગાંધીએ બારને પત્ર પાઠવી હાઈકોર્ટની બેન્ચના મુદ્દે દક્ષિણ ગુજરાતના વકીલ મંડળના પ્રતિનિધિ મંડળ તથા વેપારી સંગઠનોની બેઠક બોલાવવાની માંગ કરી હતી.

# ચાર જ કલાકમાં ભવાનીવડ પરથી રૂ.૫.૮૫ લાખની ચોરી

**મકાન** બંધ જોઈ ત્રાટકેલા તસ્કરો લાખોની મત્તા ચોરી કરી પલાયનઃ વિડીયો કોલથી ચોરીની જાણ થઈ

**ભવાની** વડનો કર્માકર પરિવાર ફ્લાવર પાર્ક અને મંદિરે ફરવા ગયો ને મકાનનાં તાળાં તૂટ્યાં

સુરતઃ હરીપુરા વિસ્તારમાં બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રોકડ અને સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૫,૮૫,૦૦૦/- ની મત્તા ચોરીને ફરાર થઈ જતાં સનસનાટી મચી ગઈ છે. પરિવાર માત્ર બે-ત્રણ કલાક માટે બહાર ગયો હતો તે દરમિયાન જ મુખ્ય દરવાજાનો નકુચો કાપી ચોરીની આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો.

### આ સામાનની ચોરી થઇ

| ચોરીની મત્તા | રકમ |
|---|---|
| રોકડ | ૫૦,૦૦૦ |
| સોનાની ૬ વીંટી | ૧ લાખ) |
| ૫ નથણી | ૧૦ હજાર) |
| ૨ સોનાની ચેઈન | ૧.૭૫ લાખ |
| ૪ સોનાની બંગડી | ૧.૨૫ લાખ) |
| ૫ જોડી સોનાની બુટ્ટી | ૧ લાખ) |
| ચાંદીના દાગીના | ૨૫ હજાર |

મહિધરપુરા ભવાની વડ પાસે આવેલા વૈભવલક્ષ્મી એપાર્ટમેન્ટમાં રહેતા અને સોનાના દાગીના બનાવવાનું જોબવર્ક કરતા સ્વરાજીત ધીરેન્દ્રનાથ કર્માકર (ઉ.વ. ૪૨) પોતાની પત્ની મામોની અને દીકરી ત્રિશા સાથે રહે છે.

અસમથી આવેલા તેમનાં માસી સાસુ અને મામી સાસુ સાથે તેઓ ગઈકાલે સાંજે આશરે ચાર વાગ્યાના સુમારે ડિંડોલી ફ્લાવર પાર્ક અને સગરામપુરા ખાતે આવેલ મીની ડાકોર મંદિરે દર્શનાર્થે ગયા હતા. તે દરમિયાન રાત્રે સાડાઆઠ વાગ્યે કૌટુંબિક સાળાએ વીડિયો કોલ કરીને તેમના ઘરનો દરવાજો ખુલ્લો હોવાનું બતાવતા જે પરિવાર તાત્કાલિક ઘરે પહોંચી ગયો હતો.

તપાસ કરતાં ખબર પડી હતી કે મુખ્ય દરવાજાના તાળાનો નકુચો કાપેલી હાલતમાં હતો અને ઘરનો સામાન અસ્ત-વ્યસ્ત પડેલો હતો. બેડરૂમમાં રાખેલી બે તિજોરીના તાળાં અને લોકર તૂટેલાં હતાં અને ઘરમાંથી દાગીના ગાયબ હતાં. ચોરી થયેલા દાગીના વડીલોપાર્જિત હોવાથી અને તેનું બિલ ન હોવાથી શરૂઆતમાં પરિવાર મૂંઝવણમાં મુકાયો હતો. આખરે આ મામલે મહિધરપુરા પોલીસ મથકમાં અજાણ્યા તસ્કર વિરુદ્ધ ગુનો નોંધાવવામાં આવ્યો છે.પોલીસે ચોરીનો ગુનો નોંધી આસપાસના CCTV ફૂટેજ મેળવી તસ્કરોનું સુરાગ મેળવવા ચક્રગતિમાન કર્યા છે.

# સ્મીમેરમાં દાખલ દર્દીએ ભાગીને ઘરે આવી ફાંસો ખાધો

**પેટ** તેમજ છાતીમાં દુખાવા સહિતની બીમારીથી કંટાળી પગલું ભર્યું

**માતાની** ઊંઘ ખૂલતાં રાકેશની હોસ્પિટલમાં શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તે મળી આવ્યો ન હતો

સુરતઃ કોસાડના યુવકને પેટ તેમજ છાતીમાં દુખાવો થતાં સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. દરમિયાન યુવકે હોસ્પિટલમાંથી ભાગીને ઘરે આવી ફાંસો ખાઈ લીધો હતો. યુવકે બીમારીથી કંટાળીને આપઘાત કર્યો હતો.

મૂળ મહારાષ્ટ્ર ધુલિયાના વતની 33 વર્ષીય રાકેશ યુવરાજ થોરાત હાલ અમરોલી-કોસાડ આવાસમાં પરિવાર સાથે રહી છૂટક મજૂરીકામ કરતો હતો. રાકેશને છેલ્લા પંદરેક દિવસથી પેટ તેમજ છાતીમાં દુખાવો થતો હતો. જેથી તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં બતાવવા માટે લઈ આવ્યા હતા. જ્યાં ડોક્ટરે તમામ રિપોર્ટ કરાવ્યા બાદ ત્રણેક દિવસ પહેલાં રાકેશને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. દાખલ પુત્રની સારસંભાળ માટે માતા મંજુબેન પણ હોસ્પિટલમાં રોકાયાં હતાં. દરમિયાન ગુરુવારે સવારે હોસ્પિટલમાં માતા ઊંઘતા હતાં. ત્યારે રાકેશ ચાલુ સારવાર દરમિયાન હોસ્પિટલમાંથી ભાગીને ઘરે આવી ગયો હતો. બાદ ઘરના હોલમાં છતમાં લગાવેલા પંખા સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. માતાની ઊંઘ ખૂલતાં રાકેશની હોસ્પિટલમાં શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તે મળી આવ્યો ન હતો. જેથી તેની માતાએ બીજા પુત્રને ફોન કર્યો હતો. દરમિયાન તે ઘરે જઈને જોયું તો, રાકેશે આપઘાતનું પગલું ભરી લીધું હતું. રાકેશે વિવિધ બીમારીઓથી કંટાળી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે વધુ તપાસ અમરોલી પોલીસ કરી રહી છે.

# ચેક રિટર્ન કેસમાં તામિલનાડુના વેપારીને સજા

સુરતઃ ચેક રિટર્ન કેસમાં આરોપી તામિલનાડુનાં વેપારીને સુરત કોર્ટે સજા ફટકારી હતી. કિરણ પોલીટેક્સ લિમિટેડના ડિરેક્ટર મહેશ મોતીરામ ગોદીવાલા દ્વારા તમિલનાડુ સ્થિત રેનુગંબલ ટ્રેડર્સના પ્રોપ્રાયટર પલાનીબાબુ વિરુદ્ધ ફરિયાદ કરી હતી. આરોપીએ ડાઇડયાર્ન ખરીદી બાદ બાકી રહેલી રકમ રૂ.7,80,149નો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થયો હતો. ફરિયાદ પક્ષે એડવોકેટ વિરલ મહેતા કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી ને ૬ મહિનાની કેદ અને રૂ.12 લાખનો દંડ ફટકાર્યો હતો.